મુંબાઈ સરકારે, ગુજરાત વિદ્યાપીઠ અને ગાયકવાડ સરકારે
ઇનામ લાયબ્રેરી માટે મંજુર કરેલું.

નીતિવાચનમાળા.

પુસ્તક ૨ જું.

કર્તા.

ડાહ્યાલાલ વ્રજલાલ પંડિત.

કિંમત ત્રણ આના.

વિદ્યાપીઠ
અમદાવાદ
કોપીરાઈટ-સંગ્રહ
૧૨૫૮૭

આવૃત્તિ ૧ સંવત ૧૯૭૫
આવૃત્તિ ૨ સંવત ૧૯૭૭
આવૃત્તિ ૩ સવત ૧૯૭૯
આવૃત્તિ ૪ સંવત ૧૯૮૨

આવૃત્તિ ૪ થી **ઈ. સ. ૧૯૨૫.**

રજીસ્ટર્ડ.

(સર્વ હક્ક કર્તાને સ્વાધીન છે.)

છપાવી પ્રસિદ્ધ કર્તા,

ડાહ્યાલાલ વ્રજલાલ પંડિત.

ચુણેલ. (તા. નડીઆદ.)

સુરત લીમડાચોકમાં આવેલા **"નવયુગ"** મુદ્રણાલયમાં
ભાઈલાલ ઝવેરભાઈ પટેલે છાપ્યુ.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]
अनुक्रमांक १२५८७ वर्गांक
पुस्तकनुं नाम નીતિવાચનમાળા
विषय

પ્રસ્તાવના.

નીતિવાચનમાળાનું આ બીજું પુસ્તક પહેલા પુસ્તક કરતાં જુદા ધોરણ પર રચવામાં આવ્યું છે. પહેલું પુસ્તક બાળવર્ગ અને પહેલા ધોરણ માટે હોવાથી એની મુખ્ય મતલબ સાદી રમુજી વાતો પુરી પાડવાની છે. એ વાતોમાં નીતિનો વિચાર ગૌણ છે.

આ પુસ્તક બીજા ધોરણ માટે રચેલું છે. તેથી આમાં નીતિનો વિચાર મુખ્ય છે. નીતિના મુખ્ય મુખ્ય સદ્‌ગુણો લઈ તે ઉપર વાચનપાઠો આપ્યા છે દરેક સદ્‌ગુણના જુદા જુદાં સ્વરૂપો ધ્યાનમાં રાખી પાઠો લખેલા છે.

શિક્ષકે નીતિનું શિક્ષણ આપતી વેળા વર્ગમાંથી ચાલતો એકાદ વિષય લઈ પાઠની શરૂઆત કરવી. પછી જે સદ્‌ગુણ ઉપર નીતિપાઠ આપવો હોય તે સદ્‌ગુણ ઉપર ઉતરી આવવું. ઇષ્ટ સદ્‌ગુણ ઉપર આવ્યા પછી એ સદ્‌ગુણને લગતાં દૃષ્ટાંતો, જે અગાઉ બાળકોના જાણવામા આવી ગયાં હોય તેનુ, તેમને સૂચક પ્રશ્નોથી માત્ર સ્મરણ કરાવવું. પછી તેવાં બીજાં દૃષ્ટાંતો જો કોઈને આવડતાં હોય તો તે પછી લેવાં. ત્યાર પછી આ ચોપડીમાંના પાઠોની શરૂઆત કરવી. ચોપડીમાંના પાઠો વર્ગમાં બાળકો પાસે વંચાવવા નહિ, પણ શિક્ષકે રસિક રીતે તે મોઢેથી કહી જવા. ચોપડીમાંના પાઠો બાળકો એમની મેળે વાંચી દૃષ્ટાંતો સ્મરણમાં રાખે એ ઇચ્છવા જોગ છે, પણ શિક્ષકે એ મોઢે કરાવવાનો લોભ તો ન રાખવો.

પાઠ આપતાં નીતિનો સિદ્ધાંત સ્પષ્ટ શબ્દોમાં બાળકોને કહી દેવો નહિ. પાઠ પુરો થયા પછી તેને અંતે મુકેલા પ્રશ્નો અગર તેના જેવાજ બીજા પ્રશ્નો પૂછી, બાળકોના મનમાં નીતિનો સિદ્ધાંત ઠસાવવો. આગળા પ્રશ્નો, પાઠમાંના નીતિના પ્રધાન તત્ત્વને પોષે એવા હોવા જોઈએ.

એકની એક વાતનો જુદે જુદે પ્રસંગે ઉપયોગ કરવાનું ચતુર શિક્ષક ચુકશે નહિ. માત્ર એ કહેવાની શૈલીમાં સહજ ફેરફાર કરી લેવો. એટલે પહેલી વખત એ વાતમાં જે બાબત પ્રધાનપણે વર્ણવી હોય તે બાબત બીજી વખત ગૌણપણે વર્ણવવી અને ગૌણ હતી તે બાબતને પ્રાધાન્ય આપવું. ઉપલાં ધોરણનાં બાળકો પાસે એ નિબંધરૂપે લખવાથી તેમની લેખન શકિત પણ સુધરશે.

આ પુસ્તકમાં લીધેલા વિષય એક પછી એક સબંધપર્વક ચલાવવા. એ વિષયને લગતા સરકારી વાચનમાળામાં આવી ગએલા પાઠોનો સંબંધ અવશ્ય જોડવો. ચોપડીમાં આવતી કવિતાઓ બાળકોને ખાસ ગમશે તેવી. કેટલીક કવિતાઓમાં મે સરળતાની ખાતર સહેજ ફેરફાર કરવાની છૂટ લીધી છે. નામ વગરની કવિતાઓ મારી લખેલી છે. હું જાણું છું કે તે જોઈએ તેવી નથી—તેમાં ઘણા દોષો છે—પણ અન્યને અભાવે મે તે દાખલ કરેલી છે.

આ પુસ્તકની પેઠે આ વાચનમાળાના બીજાં પુસ્તકો માટે પણ આ સૂચનાઓ ધ્યાનમાં રાખવી.

નરસંડા. તા. નડીઆદ. }
દેવદિવાળી સં ૧૯૭૫. }   ડાહ્યાલાલ વ્રજલાલ પંડિત.

ચોથી આવૃતિ.

આત વરસના કેટલાક વિદ્વાનો તરફથી મળેલી સૂચનાનો આ વખતે યોગ્ય ઉપયોગ કરી, આ આવૃત્તિમાં નાનામોટા પુષ્કળ સુધારા કર્યા છે. વિવિધનો વિષય નવો દાખલ કર્યો છે. એ સિવાય ૧૧ પાઠ કમી કરી તેને બદલે સાત પાઠ નવા દાખલ કર્યા છે. ભાષાની ક્લિષ્ટતામાં ને ગુંચવણભરી વાકયરચનામાં પણ સુધારો કીધો છે. આશા છે કે આ આવૃત્તિ બાળકોને વિશેષ રુચિકર થઇ પડશે ને સમાજ તરફથી મળતો સત્કાર વૃદ્ધિ પામશે. અસ્તુ.

આંગાડી }
દેવદિવાળી, ૧૯૮૨ }   કર્તા.

અનુક્રમણિકા.

માબાપને માન આપવા વિષે.

માતપિતા ગુરૂ વડીલને. આપો અહદ્દ માન;
સૌ સદ્‌ગુણનું મૂળ એ, નક્કી મનમાં જાણ.

નીતિવાચનમાળા.

પુસ્તક ૨ જું.

પાઠ ૧. પાંડવોની વાત.

પહેલાંના વખતમાં આપણા દેશમાં પાંડવકૌરવોનું મોટું રાજ્ય હતું. પાંડવો ઉદાર દીલના અને પરાક્રમી હતા. કૌરવો હમેશાં તેમની અદેખાઈ કરતા. રાજ્યલોભથી કૌરવોએ પાંડવોની સાથે યુદ્ધ આરંભ્યું. તેમના વડીલ ભીષ્મ, દ્રોણ વગેરે કૌરવોના પક્ષમાં હતા. યુદ્ધ શરૂ થતા પહેલાં પાંચે પાંડવો ભીષ્મની પાસે ગયા, ને તેમને પ્રણામ કરી યુદ્ધ કરવાની રજા માગી. ભીષ્મે રજા આપી કહ્યું, તમારો જય થાઓ. તમે મારી પાસે આવ્યા, તેથી હું ઘણો ખુશી થયો છું. જાઓ, નિર્ભય બની યુદ્ધ કરો. પછી તેઓ દ્રોણ ગુરુને પગે લાગ્યા. ગુરુએ તેમને આશિષ આપી. પછી તેમણે યુદ્ધ શરૂ કીધું. એમાં પાંડવો જીત્યા ને કૌરવોનો નાશ થયો.

પ્રશ્ન. પાંડવો ભીષ્મ પાસે કેમ ગયા?

પ્રશ્ન. ભીષ્મે તેમને શું કહ્યું?

પ્રશ્ન. ગુરુએ તેમને આશિષ કેમ આપી?

પાઠ ૨. એક સરદારની વાત.

ઘણા જુના વખતમાં રોમનું બળવાન રાજ્ય હતું. તેમાં એક પ્રતાપી પુરુષ થઈ ગયો. એક વખત તે શત્રુઓની મોટી સેનાને હરાવીને શહેરમાં પાછો આવ્યો. એ બનાવથી રોમન લોકો ઘણા ખુશી થયા. પોતાના સરદારને માન આપવાને તેમણે મોટો મેળાવડો કર્યો, ને તે સરદારને રથમાં બેસાડી આખા શહેરમાં ફેરવ્યો. તે વખતે રસ્તાની એક બાજુ પર, તે સરદારના પિતા પગે ચાલતા હતા. તેમને જોઈ પેલો સરદાર રથમાંથી નીચે ઉતરી પડ્યો, ને દોડતો દોડતો તેમની પાસે જઈ પગે લાગ્યો. પિતાએ હરખથી તેને છાતી સાથે દાબ્યો. પિતાના તરફ તે સરદારનો આવો આદર જોઈ, સઘળા લોકો તેનાં વખાણ કરવા લાગ્યા.

પ્રશ્ન. સરદાર રથમાંથી નીચે કેમ ઉતરી પડ્યો ?
પ્રશ્ન. લોકોએ તેનાં વખાણ કેમ કર્યાં ?

પાઠ ૩. રાજા રુદ્રસિંહની વાત.

આસામમાં રુદ્રસિંહ નામનો એક પ્રસિદ્ધ રાજા થઈ ગયો. તે ગાદીએ બેઠો, તે પહેલાં તેની માતા જયમતીને ત્યાંના આગલા રાજાએ, બહુ ઘાતકી રીતે મારી નાખી હતી. રુદ્રસિંહ જ્યારે ગાદીએ બેઠો, ત્યારે તેણે પોતાની માતી

માતાની યાદગીરી કાયમ રાખવા માટે ઠરાવ કર્યો. પોતાની માતાને જ્યાં મારી નાંખી હતી, ત્યાં તેણે એક સુંદર સરોવર બંધાવી તેનું નામ જયસાગર પાડ્યું. વળી તેની સામું જયદોલ નામનું એક મંદિર પણ બંધાવ્યું. શિવસાગર જીલ્લામાં હજી પણ આ બે સ્થળો હયાત છે, અને તે રાજા રુદ્રસિંહના માતૃપ્રેમની સાક્ષી પૂરે છે.

પ્રશ્ન—રાજાએ સરોવર અને મંદિર કેમ બંધાવ્યાં?

પાઠ ૪. પોલાંડના રાજાની વાત.

પોલાંડમાં ચોથો બોલસ્લાવ નામનો એક રાજા થઈ ગયો. તે તેના પિતા ઉપર ઘણો પ્રેમ રાખતો. પિતાના મરણ પછી, તેમની નાની છબી તે હંમેશાં પોતાના ગળામાં પહેરી રાખતો. દરરોજ સવારમાં છબીનાં દર્શન કરી, તે પિતાના ઉપકારને સંભારતો. રાજ્યનું અથવા ખાનગી કોઈ પણ કામ કરતા પહેલાં, તે પિતાની છબી ગળામાંથી કાઢી હાથમાં લેતો, ને કહેતો, કે વહાલા પિતાજી, આપના નામને બટ્ટો લાગે એવું એક પણ કામ, હું કરીશ નહિ.

પ્રશ્ન—રાજા તેના પિતાની છબી ગળામાં કેમ પહેરી રાખતો?

પ્રશ્ન—કામ શરૂ કરતા પહેલાં તે શું કહેતો?

પાઠ ૫. બે સપુત ભાઈઓ.

યુરોપમાં વિસુવિઅસ નામનો બળતો પહાડ છે. બે હજાર વરસ પહેલાં તે ફાટયો હતો. તે વખતે તેમાંથી ધાતુઓ, પથરા વગેરેનો ઊનો ધગધગતો રસ વહેતો હતો એ રસથી પાસેનું પોંપિઆઈ નામનું મોટું નગર નાશ પામ્યું હતું. તે વખતે એ નગરનાં માણસો પોતપોતાની વહાલી વસ્તુઓ લઈ નગર બહાર નીકળી નાઠાં. કોઈ પૈસા લઈ નાસવા લાગ્યું, કોઈ લુગડાંલત્તાં ને દાગીના લઈ દોડયું ને કોઈ છોકરાં છૈયાંને લઈ નાઠું. પણ એ વખતે ત્યાં રહેતા બે સપુત ભાઈઓએ પોતાની બધી કીમતી ચીજો છોડી પોતાનાં માબાપને લઈ નાસવા માંડયું. તેઓ જે રસ્તે થઈ નાઠા, તે રસ્તાની આગળ પાછળનું સઘળું બળી ગયું. પણ તે રસ્તો તો લીલોજ રહ્યો! પ્રભુની કૃપાથી આમ બન્યું, એમ સમજી લોકો તે જગાને ભક્તિમાનનું મેદાન કહેવા લાગ્યા.

પ્રશ્ન—સપુત ભાઇઓ માબાપને લઇને કેમ નાઠા?

પ્રશ્ન—એ જગાને લોકોએ ભક્તિમાનનું મેદાન કેમ કહ્યું?

સોબત.

માણસ તેવું નીપજે, જેને જેવો સંગ;
વસ્ત્ર બોળીએ રંગમાં, દીસે તેવો રંગ.

દલપતરામ

પાઠ ૬. રાજા અને પોપટ.

એક રાજા ઘોડે બેસીને વનમાં જતો હતો. તેને જોઇને ભીલનો એક પોપટ બોલી ઊઠયો, હે ભીલો, ધાઓ રે ધાઓ. આ રાજા જાય છે તેને લૂંટી લો. એ સાંભળી રાજાએ વિચાર્યું, કે અહીં લુંટારાની વસ્તી હશે. તે ઘોડો દોડાવી આગળ ચાલ્યો ગયો. તેની પાછળ ભીલો દોડયા ખરા, પણ તે પકડાયો નહિ.

આગળ ચાલતાં રાજા એક વનમાં જઇ પહોંચ્યો. ત્યાં ઘણા ઋષિઓ રહેતા હતા. તેમની પાસે એક પોપટ હતો. રાજાને જોઈ તે બોલ્યો, હે ઋષિઓ, આ કોઈ રાજા જાય છે, તેમને માન આપી આશ્રમમાં લાવો. પોપટનાં વચન સાંભળી, ઋષિઓ ત્યાં આવી પહોંચ્યા, અને રાજાને માન આપી આશ્રમમાં લઈ ગયા. રાજાએ ત્યાં પેલા ભીલોના પોપટની વાત કરી કહ્યું, આ બે પોપટની બોલીમાં આટલો બધો તફાવત શાથી? એ સાંભળીને પોપટ બોલ્યો, અમે બંને એક માબાપનાં બચ્ચાં છીએ. તે ભીલોની સોબતમાં રહે છે, માટે તે એવું બોલતાં શીખ્યો, ને હું આ ઋષિઓની સોબતમાં રહું છું તેથી આવું બોલતાં શીખ્યો. રાજા મનમાં બોલ્યો, ખરેખર સોબત તેવી અસર.

પ્રશ્ન. રાજાને જોઇ તે બે પોપટ શું શું બોલ્યા?

પ્રશ્ન. તેમની બોલીમાં ફેર શાથી પડયો?

પાઠ ૭. જૂ અને માકડ.

એક રાજાને ત્યાં સુંદર પલંગ હતો. તેના ઉપર ચાદર પાથરેલી હતી. એ ચાદરની સાંધમાં એક જૂ ભરાઇ રહી હતી. તે હંમેશાં રાજાનું મીઠું લોહી ચૂસી આનંદ કરતી. એક વખત એક માકડ ફરતો ફરતો ત્યાં જઈ ચઢયો. તેને જોઈ જૂ બોલી, માકડભાઈ, તમે અહીં કેમ આવ્યા છો? કોઈ જાણે નહિ તેમ ચાલ્યા જાઓ. માકડ કરગરીને બોલ્યો. બેન. હું તમારી ભાઈબંધી કરવા આવ્યો છું. મને તમારી સાથે રહેવા દો. જૂએ તેને ત્યાં રહેવા દીધો. ને તેની ભાઈબંધી કરી.

બીજે દિવસે બપોરે રાજા છાનોમાનો એ પલંગ પર સૂતો. પેલા માકડે તરત રાજાના શરીરે ચટકો દીધો. પછી ઝટ લઈને તે પાયાની સાંધમાં ભરાઈ ગયો. રાજાએ નોકરને બોલાવી કહ્યું. આ ચાદરમાં કોઈ જીવ છે તેની તપાસ કર. તપાસ કરતાં પેલી જૂ પકડાઇ ગઈ. ચાકરે તેને મારી નાખી. મરતી વખતે તેને વિચાર થયો, કે જો મેં લુચ્ચા માકડની ભાઈબંધી કરી નહોત, તો મારે આમ કમોતે મરવું પડત નહિ.

પ્રશ્ન. માકડે જૂને શું કર્યું?

પ્રશ્ન. ચાકરે જૂને કેમ મારી નાખી?

પ્રશ્ન. મરતી વખતે જૂને શો વિચાર થયો?

પાઠ ૮. સોબતનું ફળ.

છત્રપતિ શિવાજી મહારાજની પછી તેમનો પુત્ર સંભાજી સતારાની ગાદી પર બેઠો. દિલ્હીના પાદશાહ સાથે તેને અણબનાવ હતો. શરૂઆતમાં તો તે સારી રીતે રાજકારભાર ચલાવતો હતો, પણ પાછળથી તે કલુસા નામના એક નીચ માણસની સોબતમાં પડયો. કલુસા જાતે આળસુ ને વ્યસની હતો. તેથી સંભાજી પણ તેના જેવો નીવડયો. રાજ્યના કોઈ કામ પર તે લક્ષ આપતો નહિ. આખો દિવસ મોજો કરી ગમે ત્યાં અથડાતો. એક વખતે એ બને જણ નીશામાં ચકચુર થઈ એક વાડીમાં પડયા હતા. તે વખતે દિલ્હીના પાદશાહના એક સરદારે આવી સંભાજીને પકડી લીધો. એ સરદારે સંભાજીને પાદશાહની હજુરમાં મોકલી દીધો. પાદશાહે તેને મુસલમાન થવા કહ્યું, પણ તે ધર્મભ્રષ્ટ ન થયો, તેથી પાદશાહે તેને બહુ ઘાતકી રીતે મારી નખાવ્યો.

પ્રશ્ન—સંભાજી કોની સોબતમાં રહેતો?
પ્રશ્ન—તેનું મોત શી રીતે થયું?

પાઠ ૯. સારી સોબત.

કવિ દયારામના એક શિષ્યનું નામ રણછોડ હતું. એ રણછોડ ચૌદ પંદર વરસની ઉંમરનો થયો, ત્યાં સુધી નઠારા માણસોની સોબતમાં રહેતો, ને આખો દિવસ આમ

બજાવવામાં અથવા ફક્કડ થઇને ફરવામાં કાઢતો. એક દિવસ તે એક માણસ સાથે કવિ પાસે જઈ ચઢ્યો. સાથેના માણસે રણછોડને કવિ સાથે ઓળખાણ કરાવ્યું. રણછોડ ત્યાર પછી કવિનો સમાગમ વધારતો ગયો. કવિની સોબતથી ધીમે ધીમે તે સુધર્યો ને આખરે તેમનો માનીતો શિષ્ય થઇ પડયો. કવિ હમેશાં તેને પોતાની પાસે રાખતા. મરતી વખતે કવિએ રણછોડને પોતાની પાસે બોલાવી આશિષ દઈ, પોતાનો વહાલો તંબુરો ભેટ આપ્યો.

પ્રશ્ન—રણછોડ પહેલાં કેવો હતો?
પ્રશ્ન—તે કેવી રીતે સુધર્યો?

પાઠ ૧૦. સોબત વિષે.

દોહરા

સજ્જનની સોબત થકી, મળશે સુખ અપાર;
દુર્જનની સોબત થકી, નક્કી જન પસ્તાય. ૧
ઝેર તણી સોબત થકી, પય ઝેરી બની જાય;
પણ સાકર સંગે ભળે, આપે સ્વાદ અપાર. ૨
એ રીતે દુર્જન તણો, સંગી બહુ નિંદાય;
સજ્જનનો સંગી સદા, સૌ જનમાં વખણાય. ૩
ચોર તણી સોબત થકી, શા' પણ ચોર ગણાય;
જુઠાને સંગે ફરે, જન જુઠો કહેવાય. ૪
માટે બાળક મિત્ર તું, મનમાં કરી વિચાર,
સારી સોબતમાં રહે, સુખ મળશે નિરધાર. ૫

ઉદ્યોગ.

ઉદ્યોગી જન વિશ્વમાં, સૌથી શ્રેષ્ઠ ગણાય;
સુખસંપત તેને મળે, ઇશ્વર થાય સહાય.

પાઠ ૧૧. હુસેનખાંની ખિન્ની

હુસેનખાં નામનો એક મુસલમાન હતો. તે ઘણો આળસુ હતો. એક દિવસ તે પરગામ જતો હતો. રસ્તામાં તે ભૂખ્યો થયો એટલે જરા આરામ લેવા એક રાયણના ઝાડ નીચે સૂતો. ઝાડ ઉપરથી બે ચાર રાયણો તેના મોં આગળ પડી. મીઆંને ભૂખ લાગી હતી, તેથી એ ખાવાનું મન થયું. પણ હાથ લાંબા કરવાનું આળસ એટલે રાયણ શી રીતે ખવાય? એવામાં ત્યાં એક ઊંટવાળો આવ્યો. હુસેનખાંએ તેને કહ્યું, અબે ઊંટવાલે. જરા નીચે ઉતરકે મેરે મુમે એ ખિન્ની ડાલ તો સહી. મીઆંનું આવું આળસ જોઈ. ઊંટવાળો મોઢે હાથ દઈ ખૂબ હસ્યો. તેણે કહ્યું. મીઆં સાહેબ, ઊંટ ઉપરથી હું તો કંઈ નીચે ઉતરતો નથી. હુસેનખાં બોલ્યો, તું તો બડા એદી દીખાતા હે: ઊંટવાળો જરા હસીને બોલ્યો, એદી તે હું કે તું?

પ્રશ્ન. હુસેનખાંએ ઊંટવાળાને શું કહ્યું
પ્રશ્ન. ઊંટવાળો કેમ હસ્યો?

પાઠ ૧૨. મચ્છર ને મધમાખી

એક મચ્છર હતો, તે બહુ આળસુ હતો. આખો દિવસ તે જરા પણ મહેનત કરતો નહિ, ને આમ તેમ ફર્યાં કરતો. એક દિવસ તે બહુ ભૂખ્યો થયો. તેની પાસે કાંઈ ખાવાનું હતું નહિ, અને મહેનત કરવી તો તેને

ગમતીજ નહિ. આખરે ભૂખથી ન રહેવાયું, ત્યારે તે એક મધમાખી પાસે જઈ બોલ્યો. માખી બેન, હું ઘણો ભુખ્યો છું, માટે મહેરબાની કરીને મને જરા મધ ન આપો ? માખી બોલી, મચ્છરભાઈ, તું જરાએ મહેનત કરતો નથી, અને મહેનત કરી અમે જે કાંઈ મેળવ્યું છે. તેમાં ભાગ પડાવવા આવ્યો છે. તારા જેવા આળસુને મધ આપવું એ ઠીક નહિ. માટે જા, મહેનત કરી તારે જોઈતો ખોરાક મેળવ. એ સાંભળીને મચ્છર શરમાઈને ત્યાંથી ચાલ્યો ગયો.

પ્રશ્ન—મચ્છરે માખીને શું કહ્યું !
પ્રશ્ન માખીએ શો જવાબ દીધો?
પ્રશ્ન મચ્છર કેમ શરમાયો ?

પાઠ ૧૩. પોપટ ને મચ્છર.

(ચોપાઈ)

એક દિવસ પોપટની સાથ,
મચ્છરદાસે કીધો વાદ;
પહોંચે જે પહેલો આકાશ,
તે મોટો—બીજો તે દાસ. ૧
ઊડયા બંને જાણ આકાશ
થાકયો વચ્ચે મચ્છરદાસ;
તોપણ જોર કરીને જાય,
મરતો પડતો આગળ થાય. ૩

અતે તાપ ન સહીને પડયો,
મરતાં બોલ્યો લેતાં ધડો;
લાંબા સાથે ટુંકા જાય.
મરે નહિ તો માંદો થાય. ૩
દલવાડાકર.

પાઠ ૧૪. વેપારી છોકરો.

ઇ. સ. ૧૮૬૫માં બંગાળામાં દુકાળ પડયો હતો. તે વખતે વિદ્યાસાગર પાસે આવી કોઈ ભિખારી છોકરે એક પૈસો માગ્યો. વિદ્યાસાગરે તેને કહ્યું, હું તને ચાર પૈસા આપુ તો તું શું કરીશ? છોકરે કહ્યુ, સાહેબ, બે પૈસાનુ ખાવાનુ લાવીશ ને બે પૈસા મારી માને આપીશ. વિદ્યાસાગરે કહ્યું, હું તને બે આના આપું તો? છોકરે કહ્યું, એક આનાના ચોખા લાવી હું ને મારી મા ખાઇશું ને બાકીનો આનો રાખી મૂકીશું. વિદ્યાસાગરે ફરી કહ્યું, હું તને ચાર આના આપું તો? છોકરે કહ્યું. બે આનાના ચોખા લાવીશ, ને બે આનાની કેરીઓ લાવી તેનો વેપાર કરીશ. વિદ્યાસાગરે ખુશી થઈ તરત તેને એક રૂપીઓ આપ્યો. છોકરો તે લઈ ઘેર ગયો. તે પછી એણે એ વડે વેપાર કરવા માંડયો. બે વરસ પછી વિદ્યસાગર એજ શહેરમાં ફરી ગયા, ત્યારે તેમણે પેલા છોકરાને વેપારી થએલો જોયો.

પ્રશ્ન—વિદ્યાસાગરે છોકરાને એક રૂપીઓ કેમ આપ્યો?
પ્રશ્ન—છોકરે રૂપીઆનો શો ઉપયોગ કર્યો?

પાઠ ૧૫. જાતમહેનત.

એક દિવસ રાજમહેલમાં કેટલીક સ્ત્રીઓ ભેગી થઈ વાતો કરતી હતી. તેમાં આપણાં મહારાણી મેરી પણ હતાં. વાતોમાં ઘણો વખત ગયો, છતાં તેનો પાર ન આવ્યો. એ જોઈ મહારાણી મેરી એકદમ બોલી ઊઠયાં, ઉભાં રહો, હું મોજા ગુંથવાનાં અધુરાં છે તે લઇ આવુ. આપણે વાતો કરીશુ. ને સાથે મોજા ગુંથવાનું કામ પણ થશે. આમ કહી તે પોતાના ઓરડામાં ગયાં ને મોજા લઇ આવ્યાં બીજી સ્ત્રીઓ સાથે તે વાતો કરતાં ગયાં ને મોજાં ગૂંથતાં ગયાં. વાતો પુરી થઈ તેટલામાં મોજાં પણ ગૂંથાઈ રહ્યાં. આવી રીતે જાતે મહેનત કરીને તે કપડાં તૈયાર કરી ગરીબ માણસોને દાનમાં આપી દે છે.

પ્રશ્ન. વાતો કરતાં મહારાણી શુ બોલ્યા ?
પ્રશ્ન. વાતો કરતાં તેમણે શુ કામ કર્યું ?

પાઠ ૧૬. રાજા અને કરોળીઓ.

સ્કોટલાંડમાં રોબર્ટ બ્રૂસ નામનો એક રાજા થઇ ગયો. ઇંગ્લાંડના રાજાએ એક વખત તેનો દેશ જીતી લીધો હતો. રોબર્ટ બ્રૂસે તે પાછો મેળવવાને ઘણી મહેનત કરી, પણ

તેમાં ફાવ્યો નહિ. એક દિવસ તે નિરાશ થઇને બેઠા હતો, તેવામાં તેની નજર એક કરોળીઆ ઉપર પડી. એ કરોળીઆ તાંતણા વડે નીચેથી છાપરા ઉપર ચઢવા મહેનત કરતો હતો. પાંચ વખત તેણે મહેનત કરી, પણ તે ઉપર ચઢી શક્યો નહિ. તેમ છતાં હિંમત રાખી, તે છઠ્ઠી વખત ઉપર ચઢવાને તૈયાર થયો. આ વખતે તે સહીસલામત ઉપર ચઢી ગયો. રાજાએ આ દાખલો લઇ, પોતાનો દેશ સ્વતંત્ર કરવા મહેનત કરવા માંડી. લાંબી મુદ્દત સુધી શત્રુ સાથે લડી આખરે તેણે પોતાનો દેશ જીતી લીધો. કરોળીઆનો દાખલો લઇ, રાજાએ પોતાનો દેશ સ્વતંત્ર કીધો, તેથી ત્યાંના લોકો આજે પણ બનતા સુધી કરોળીઆને મારતા નથી.

પ્રશ્ન. કરોળીઓ કેવી રીતે છાપરા ઉપર ચઢી શક્યો ?

પ્રશ્ન. રાજાએ એ ઉપરથી શી શિખામણ લીધી ?

પ્રશ્ન. તેણે પોતાનો દેશ શી રીતે સ્વતંત્ર કીધો ?

પાઠ ૧૭. મહેનત કરવા વિષે.

દોહરા.

મોટાં મોટાં કામ પણ, સૌ મેંનતથી થાય;
આળસ કરી બેસી રહે, એકે કામ ન થાય. ૧
આળસથી જનદેહ તો, લોઢા પેર કટાય;
ધન દોલત પણ તે થકી, અદકાં આઘાં જાય. ૨
ખેડુત મેંનત જે કરે, પાકે તેથી ધાન;
બાળક મેંનતથી ભણે, થાયે પંડિત જાણ. ૩
વણકર મેંનતથી વણે, કપડાં વિધવિધ જાત;
પહેરી તે સૌ આપણે, ફરીએ નિત ભલીભાત. ૪
પેટ ભરે મેંનત કરી, પશુ પંખી હમેશ;
માખી મેંનતથી કરે, મધપુડા બહુ બેશ. ૫
મેંનતથી શોધો ફડી, થાયે જગમાં જાણ;
સુખ પામે સંસારમાં, સૌ લોકો નિર્વાણ. ૬
જો જન મેંનત ના કરે, બેસી રહે ઘરમાંય;
દુખ પામે, નિર્ધન બને, આખર બહુ પસ્તાય. ૭

સત્ય.

દાન સમાન સુપુણ્ય નહિ, ભજન સમો નહિ જાપ;
સત્ય સમાન સુધર્મ નહિ, જૂઠ સમુ નહિ પાપ.

દલપતરામ.

પાઠ ૧૮. ગોખલેની સાચવટ

ગોપાળ કૃષ્ણ ગોખલેનું નામ તો તમે સઘળાએ સાંભળ્યું હશે. આપણા દેશમાં હમણાજ એ મહાપુરુષ થઇ ગયા છે. તેમના બાળપણની એક જાણવા જેવી વાત છે, તે તમને કહું છુ.

ગોખલે જ્યારે ત્રીજું ધોરણ ભણતા હતા, ત્યારે એક દિવસ તેમના શિક્ષકે વર્ગના બધા છોકરાને ઘેરથી દાખલા ગણી લાવવાને આપ્યા હતા. એ દાખલા માત્ર ગોખલે એકલાજ ગણી ગયા. શિક્ષકે ગોખલેને વગમાં પહેલો નંબર આપ્યો. અને સૌના સાંભળતાં તેમના વખાણ કર્યાં. પોતાનાં વખાણ સાંભળી ગોખલે ડુસકાં ભરી રોવા લાગ્યા. શિક્ષકે તેમને પ્રેમથી પૂછ્યુ, ભાઈ તું કેમ રડે છે? ગોખલેએ કહ્યું, સાહેબ હું સાચું બોલીશ. મારે પહેલો નંબર જોઇતો નથી. આ દાખલા મેં મારી મેળે ગણેલા નથી, પણ બીજા પાસે ગણાવેલા છે. મારો આ ગુનો માફ કરો. હવે પછી કદી હું આવું કામ નહિ કરું. આમ બોલી તે પોતાના અસલ નંબરે જઇ બેઠા.

પ્રશ્ન—શિક્ષકે ગોખલેને પહેલો નંબર કેમ આપ્યો ?
પ્રશ્ન—તે શાથી રડવા લાગ્યા ?
પ્રશ્ન—તેમણે શિક્ષકને શું કહ્યું ?

પાઠ ૧૯. બે છોકરાની વાત.

હરિ અને વિષ્ણુ નામના બે ભાઇ હતા. તેઓ એક દિવસ એક બગીચા આગળ થઇને જતા હતા. એ બગીચામાં ગુલાબનાં સુંદર ફુલ ખીલ્યાં હતાં. એ જોઈ હરિ બોલ્યો, જો, આ સુંદર ફૂલ કેવાં ખીલ્યાં છે! મારી નાની ઈંદુ બેનને એ મળે, તો તે ઘણી ખુશી થાય. વિષ્ણુએ કહ્યું, ત્યારે હાથ લાંબો કરી આ વાડ ઉપરથી તોડી લે. અહીં કોણ જાણનાર છે? હરિએ કહ્યું, આપણાથી છાનામાનાં ન લેવાય. તું અહીં ઉભો રહે. હું અંદર જઈ થોડાં ફૂલ માગી લાવું છું. આમ કહી તે બગીચામાં ગયો. તેનો ગયા પછી વિષ્ણુએ હાથ ઉંચો કરી ફૂલનું એક ઝુમખું તોડી લીધું. અંદર માળી કામ કરતો હતો, તેણે એ દીઠું. બહાર આવી તેણે વિષ્ણુને પકડી સજા કરી.

હરિએ અંદર જઇ બગીચાના માલીક પાસે ફૂલ માગ્યાં. માલીકે કહ્યું, ભાઇ, મેં તમારી બંનેની વાત સાંભળી છે.

ચોરી ન કરતાં તું મારી પાસે ફૂલ માગવા આવ્યો, તેથી હું ઘણો ખુશી થયો છું. જા. તારે જોઈએ તેટલાં ફૂલ તોડી લે. ફૂલ લઈ એ બે ભાઈ ઘેર ગયા ને એમણે સઘળી વાત પોતાની માને કહી. માએ હરિનાં વખાણ કર્યાં ને વિષ્ણુને ઠપકો આપી કહ્યું, બેટા! કોઈની ચીજ છાનીમાની લેવી તે ચોરી ગણાય. ચોરી કરવાથી પાપ લાગે.

પ્રશ્ન—ફૂલ જોઈ હરિએ શું કર્યું ?
પ્રશ્ન—વિષ્ણુએ તેને શું કર્યું ?
પ્રશ્ન—બન્ને જણે શી રીતે ફૂલ લીધાં ?
પ્રશ્ન—વિષ્ણુને માળીએ કેમ સજા કરી ?

પાઠ ૨૦. ફળ વેચનારો છોકરો.

એક ફળ વેચનારા કાછીઆએ પોતાની દુકાને એક ગરીબ છોકરાને નોકર રાખ્યો હતો. એ છોકરો માબાપ વગરનો હતો. તેને રહેવાને ઘરબાર પણ ન હતું. તે વીશીમાં જમતો ને દિવસે નોકરી કરી રાતે દુકાનના ઓટલા પર સૂઈ રહેતો. એક દિવસ એક માણસે તેની દુકાનેથી બે આનાનાં ફળ વેચાતાં લીધાં. ભૂલથી તે માણસે બેઆનીને બદલે પાવલી આપી ચાલવા માંડ્યું. પાવલી જોઇ

પેલે છોકરે બૂમ પાડી કહ્યું, ઉભા રહો શેઠ, તમે બે આના વધારે આપ્યા છે, તે લેતા જાઓ. આમ કહી તેણે પેલા માણસને બે આના પાછા આપ્યા. પેલા માણસે જાણ્યું કે આ છોકરો પ્રમાણિક છે. એ પછી દરરોજ તે એજ દુકાનેથી ફળ લેતો. આ વાત ધીમે ધીમે આખા બજારમાં ફેલાઈ, તેથી એ છોકરાની સાખ વધી. આગળ જતાં તે એક મોટો વેપારી થયો.

પ્રશ્ન. છોકરાએ ઘરાકને બે આના પાછા કેમ આપ્યા?
પ્રશ્ન. તેની સાખ શાથી વધી?

પાઠ ૨૧. યાદવાસ્થળી.

પહેલાંના વખતમાં દ્વારકામાં યાદવોનું જબરૂં રાજ્ય હતું. તેમના આગેવાન શ્રીકૃષ્ણ હતા. એક વખત યાદવો ફરતા ફરતા એક તપોવનમાં જઈ ચઢયા. ત્યાં કેટલાક મુનિઓ તપ કરતા હતા. જુવાન યાદવોને આ મુનિઓની મશ્કરી કરવાનું મન થયું. તેમણે શ્રીકૃષ્ણના પુત્રને સ્ત્રીનાં લુગડાં પહેરાવી, મુનિઓની મશ્કરી કરી. મુનિઓ તેમની એ યુક્તિ સમજી ગયા, ને ગુસ્સે થઈ બોલ્યા, મૂર્ખ યાદવો!

તમે કોની મશ્કરી કરો છો? મશ્કરીનાં માઠાં પરિણામ આવે છે, એ શું તમે નથી જાણતા? જાઓ, થોડા વખતમાં તમારો નાશ થશે.

આવો શાપ સાંભળી સઘળા યાદવો દીલગીર થયા. તેઓ પોતાની ભૂલ માટે પસ્તાવો કરવા લાગ્યા. ત્યારપછી એક વખત તેઓ પ્રભાસપાટણની યાત્રાએ ગયા. ત્યાં તેઓ દારૂ પી માંહોમાંહે ખૂબ લડવા લાગ્યા. લડતાં લડતાં તેમની પાસે બાણ ખૂટી ગયાં. તેથી તેમણે સમુદ્ર કાંઠે ઉગેલી પાનો ખેંચી કાઢી. મુનિઓના શાપને લીધે એ પાનો લોઢાની મુસળો થઈ પડી. તેના વડે સઘળા યાદવોનો નાશ થયો.

પ્રશ્ન—યાદવોને મુનિઓએ શાપ કેમ દીધો?
પ્રશ્ન—એનું પરિણામ શું થયું?

પાઠ ૨૨. સત્ય વિષે.

દોહરા.

સત્ય સદાએ બોલવું, જૂઠે રૂઠે ઇશ;
સત્યે તો વહેવાર છે. સત્ય ન કદી છાંડીશ. ૧

જુઠી સાક્ષી જે પુરે. જુઠું બોલે જેહ;
જુઠી વાત ચલાવતો પાપી હીણો તેહ. ૨

જુઠાં વચનો ઉપરે. રાખ નહિ વિશ્વાસ,
કરીશ કામ તારૂં કહી, કરતો નહિ નિરાશ. ૩

લવે કંઈ ને કંઈ કરે, તે જો બોલે સાચ;
લોક ન માને તેહને, તે તો નરસો કાચ. ૪

કરે ઘાત વિશ્વાસનો, કરે વચનનો ભંગ;
પાપી તે સમ નહિ બીજો, બગડયો જ્યાં મનરંગ ૫

નર્મદાશંકર.

વિવેક વડે વિદ્યા શોભે છે.

પાઠ ૨૩. ઇંદ્રનું અભિમાન.

એક વખત દુર્વાસા મુનિ વનમાં ફરતા હતા. તેમના ગળામાં સુગંધીવાળાં ફુલોની એક માળા હતી. એ વખતે સ્વર્ગનો રાજા ઇંદ્ર હાથી પર બેસી મુનિ તરફ આવતો હતો. મુનિએ તે માળા ઇંદ્રને આપી, પણ ઇંદ્રે તે લીધી નહિ. તેથી હાથીએ સૂંઢ વતી પકડી તે માળા પગ તળે કચરી નાખી.

પોતાની માળાને હાથીના પગ તળે છૂંદાતી જોઈ, મુનિને ક્રોધ ચઢયો. તેમણે ઇંદ્રને કહ્યું, કે લક્ષ્મીના અભિમાનથી તું આટલો બધો બહેકી ગયો છે. મને જોઇને નમસ્કાર કર્યા નહિ ને મેં આપેલી માળા તેં સ્વીકારી પણ નહિ. વિવેક ભૂલી તું આટલો બધો અભિમાની બન્યો છે, તેથી તારૂં સઘળું દ્રવ્ય નાશ પામશે, ને તું ઘણો હેરાન થઇશ.

મુનિનો શાપ સાંભળી ઇંદ્ર ગભરાયો. હાથી પરથી નીચે ઉતરી, તેણે મુનિને પ્રણામ કરી, ઘણા કાલાવાલા કીધા. મુનિએ કહ્યું, કે હે ઇંદ્ર! મારો શાપ હવે મટશે નહિ. તારા અવિવેકનું ફળ તારે ભોગવવુંજ પડશે.

પછી થોડા વખતે સઘળા દાનવો ભેગા થયા. તેમણે

ઇંદ્ર સાથે લડાઈ કરી. તેમાં ઇંદ્રની સઘળી સંપત્તિનો નાશ થયો, ને તેનું રાજ્ય પણ દાનવોએ જીતી લીધું.

પ્રશ્ન. મુનિ સાથે ઇંદ્ર કેવી રીતે વર્ત્યો ?
પ્રશ્ન. મુનિએ તેને શાપ કેમ દીધો ?
પ્રશ્ન. ઇંદ્રને તેથી શું દુઃખ ભોગવવું પડ્યું ?

પાઠ ૨૪. જય અને વિજય.

સનકાદિક નામના ચાર મુનિઓ હતા. એક વખત તેઓ ભગવાનનાં દર્શન કરવા વૈકુંઠમાં ગયા. ત્યાં મહેલના દરવાજા પર જય ને વિજય નામના બે છડીદાર બેઠા હતા. મુનિઓ તેમની પાસે ગયા, ત્યાં સુધી છડીદારોએ તેમને પ્રણામ કર્યા નહિ, તેમ પધારો કહી માન પણ આપ્યું નહિ. આમ છતાં તેની દરકાર કર્યા વિના મુનિઓએ મહેલમાં પ્રવેશ કર્યો. તે વખતે બંને જણે હાથમાંની છડીઓ લાંબી કરી મુનિઓને અંદર જતા અટકાવ્યા. આથી મુનિઓ ગુસ્સે થયા. તે જોઇ છડીદારો બોલ્યા, મહારાજ, ભગવાનની રજા વિના અંદર કોઇને જવા દેવાનો હુકમ નથી. તેથી અમે આપને અટકાવ્યા, તે માફ કરો.

મુનિઓએ કહ્યું, તમારે અમારી સાથે વિવેકથી વર્તવું હતું. બહાર અમને આસન આપી બેસાડયા પછી, તમારે અંદર જઈ રજા લાવવી હતી. તમે અભિમાનથી વિવેક ભૂલી જઈ, અમારૂં અપમાન કર્યું, માટે તમારે રાક્ષસ જાતિમાં અવતાર લેવો પડશે. એ સાંભળી છડીદારો ગભરાયા. તેમણે ભગવાનને બધી વાત કહી. ભગવાને મીઠાં વચનથી મુનિઓને શાંત પાડી માફી માગી. એટલે મુનિઓએ કહ્યું, એ છડીદારો થોડા વખત પછી શાપથી મુક્ત થશે.

પ્રશ્ન. મુનિઓ કયાં જતા હતા ?
પ્રશ્ન. છડીદારોએ તેમને કેમ અટકાવ્યા ?
પ્રશ્ન. મુનિઓએ તેમને શાપ કેમ દીધો ?
પ્રશ્ન. પાછળથી શાપ કેમ નિવારણ કર્યો ?

દયા.

સખી દયાને ઉર વિષે, કરો લોક ઉપકાર;
ઉત્તમ કારજ એજ છે, સર્વ ધર્મનો સાર.

દલપતરામ.

પાઠ ૨૫. પંખીઓનો માળો.

હઝરત મહમદ પેગંબર સાહેબ નામના એક ધર્મગુરૂ થઈ ગયા છે. એક વખત એમની પાસે એક માણસ લુગડાના કકડામાં પંખીઓનો માળો લપેટીને લાવ્યો. માળામાં પંખીનાં નાનાં બચ્ચાંને ચીં ચીં અવાજ કરતાં સાંભળી, હઝરત મહમદ સાહેબને દયા આવી. તેમણે લુગડાના કકડામાંથી માળો બહાર કઢાવ્યો. એટલામાં એ બચ્ચાંની મા પણ ઉડતી ઉડતી ત્યાં આવી પહોંચી, ને માળા પાસે વીલે મોઢે બેઠી. આ જોઈ હઝરત મહમદ સાહેબે પેલા માણસને કહ્યું, ભાઈ આપણે બધા પ્રાણીઓ ઉપર દયા રાખવી જોઇએ. જા, તું આ માળો જ્યાં હતો ત્યાં પાછો મૂકી આવ. પેલા માણસે તરત એ માળો ઝાડ ઉપર પાછો મૂકી દીધો.

પ્રશ્ન—હઝરત મહમદ સાહેબ પાસે પેલો માણસ શું લાવ્યો હતો ?
પ્રશ્ન—તેમણે તેને શું કહ્યું ?

પાઠ ૨૬. સિંહ ને બગલો.

એક સિંહ હતો. તે જંગલમાં રહેતો હતો. શિકાર ખાતાં એક વખત તેના ગળામાં હાડકું ભરાઇ રહ્યું. તેથી એ બહુ હેરાન થયો. તેને દુઃખ પામતો જોઈ એક બગલાને દયા આવી. બગલે તેની પાસે જઇ પૂછ્યું, વનરાજ! આપ કેમ દુઃખી જણાઓ છો? થાકી ગયા છો કે ઘવાયા છો? આપનુ દુઃખ જણાવો, તો હું મટાડવા કંઈ પ્રયત્ન કરૂં. સિંહે તેને કહ્યું, ભાઈ! મને વિચિત્ર દુઃખ થયું છે. શિકાર ખાતાં મારા ગળામાં હાડકું ભરાઈ રહ્યું છે. હવે મારાથી ખાઈ પી શકાતું નથી, ને તેથી દિવસે દિવસે હુ ગળાતો જાઉં છું. બગલે કહ્યું. મહારાજ! ફીકર કરશો નહિ. હું આપનુ દુઃખ મટાડું છું. આપ મોં પહોળું કરો. હું મારી લાંબી ચાચ વડે હાડકું ખેંચી કાઢું. સિંહે મોં પહોળુ કર્યું, એટલે બગલે હાડકુ ખેંચી લીધુ. સિંહ દુઃખમાંથી છૂટયો ને બગલાનો આભાર માની વનમાં મહાલવા લાગ્યો.

પ્રશ્ન—સિંહને શું દુઃખ થયું હતું?
પ્રશ્ન—બગલે તે શી રીતે મટાડ્યું?

પાઠ ૨૭. દયાળુ બાળક માઝિની.

ઇટલિ દેશમાં માઝિની નામનો એક મોટો માણસ થઇ ગયો. એ જ્યારે નાનો હતો, ત્યારે એક દિવસ તેની મા સાથે મંદિરમાં જતો હતો. રસ્તામાં તેણે એક ઘરડા અપંગ ભિખારીને જોયો. તેને જોઈ માઝિનીને ઘણી દયા આવી. તેણે પોતાની માને કહ્યું, મા, તારી પાસે કંઈ હોય તો આ બિચારા ભિખારીને આપ. જોને ! આ કેટલું બધું દુઃખ વેઠે છે ! નાના બાળકની આવી દયા જોઈ પેલા ભિખારીને ઘણી નવાઈ લાગી. પ્રેમને લીધે તેની આંખોમાં ઝળઝળીઆં આવ્યાં. તે બોલ્યો, આ છોકરો આગળ જતાં એક મહાપુરૂષ નીવડે એમ મને લાગે છે. એ ભિખારીનું આ કહેવું આગળ જતાં ખરૂં પડ્યું.

પ્રશ્ન. ભિખારીને જોઇ માઝિનીએ તેની માને શું કહ્યું ?
પ્રશ્ન. ભિખારીની આંખમાં ઝળઝળીઆં કેમ આવ્યાં ?
પ્રશ્ન. તેણે માઝિની વિષે શું કહ્યું ?

પાઠ ૨૮. રાજા અને ડોસી.

એક વખત મહારાજા સાતમા એડવર્ડ ગાડીમાં બેસીને ફરવા ગયા હતા. અસુરૂ થવાને લીધે, તેમની ગાડી ઝડપથી શહેર તરફ પાછી આવતી હતી. તે વખતે રસ્તામાં એક ડોસી ધીમે ધીમે ચાલતી હતી. તેના માથા પરનો બોજો જોઈ રાજાને તેની દયા આવી. તેમણે ગાડી ઉભી રખાવી કહ્યું, માજી, આવો. આ ગાડીમાં બેસી જાઓ. ડોસી તેમનો ઉપકાર માની ગાડીમાં બેઠી. રાજાએ પૂછ્યું, આ ટોપલીમાં શું છે? ડોસીએ કહ્યું, એમાં શાક છે. તેનો ભાર ઓછો કરવાના વિચારથી રાજાએ એ શાક ખરીદી લેવાની ઇચ્છા જણાવી. ડોસીએ કહ્યું, તમે એનું શું આપશો? રાજાએ કહ્યું, મારાં માતુશ્રીની છબી. ડોસીએ જાણ્યું કે આ તો મારી મશ્કરી કરે છે, તેથી તે કંઈ બોલી નહિ. શહેરમાં પહોંચ્યા પછી રાજાએ ડોસી પાસેથી શાક લીધું, ને તેના હાથમાં એક મહોર મૂકી કહ્યું, લો, આ મારાં માતુશ્રીની છબી. મહોર ઉપર મહારાણી વિક્ટોરીઆની છાપ જોઈ, ડોસીએ વિચાર્યું, કે આ જરૂર મહારાજા એડવર્ડ હોવા જોઇએ.

પ્રશ્ન—રાજાએ ડોસીને ગાડીમાં કેમ બેસાડી?
પ્રશ્ન—તેમણે ડોસી પાસેથી શાક શા માટે ખરીદ્યું?

ભાઇભાંડુ પર પ્રેમ.

ભાઈ ભાંડુ ઉપર સદા, રાખો હિત અપાર;
સંપ વધે તેથી ઘણો. સુખ થાયે નિરધાર.

પાઠ ૨૯. બે પક્ષીઓની વાત.

સંપાતિક અને જટાયુ નામના બે ગીધ પક્ષીઓ હતા. એક વખત એ બંને આકાશમાં ઊડવા લાગ્યા. ઊડતાં ઊડતાં તેઓ ઘણે ઉંચે ચડયા. બપોર થયા એટલે તેમને સખત તાપ લાગવા માંડયો. ગરમીને લીધે તેમનાં મોં સુકાઈ ગયાં ને પાંખો બળવા લાગી. જટાયુ ઘણો ગભરાઈ ગયો ને બૂમો પાડવા લાગ્યો. એ સાંભળી તેના મોટા ભાઇ સંપાતિકે પોતાની પાંખો પહોળી કરી તેના પર છાયા કરી. જટાયુને તેથી શાન્તિ વળી. પણ સંપાતિકની પાંખો બળી ગઈ. પાંખો વિના તેનાથી ઊડી શકાય નહિ, એટલે બેભાન થઈ તે જમીન પર પડયો. તેનુ દુઃખ જોઈ જટાયુને ઘણું લાગી આવ્યું. તેણે વિચાર્યું કે મને સુખ આપવા જતાં ભાઈ દુઃખી થયો માટે મારે તેની સારવાર કરવી જોઇએ. આમ વિચારી તે સપાટાબંધ નીચે ઉતર્યો. ને પોતાના ભાઈની સારવાર કરવા લાગ્યો. ઘણું દુઃખ વેઠી તેણે સારવાર કરી પણ અંતે તે મરી ગયો. આથી જટાયુ ઘણો દુઃખી થયો.

પ્રશ્ન—સંપાતિકની પાંખો શાથી બળી ગઈ ?
પ્રશ્ન—જટાયુને શો વિચાર થયો ?
પ્રશ્ન—તે નીચે કેમ ઉતર્યો ?

પાઠ ૩૦. ભાઈઓ પર હેત.

યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ, અને નકુળ, એ પાંચ ભાઈઓ હતા, તે પાંડવ કહેવાતા હતા. એક વખત તેમના પીતરાઈ ભાઈ દુર્યોધને રાજ્ય લોભથી તેમને મારી નાખવાનો વિચાર કીધો. પછી તેણે પોતાના મિત્ર પુલોચન પાસે લાખનું એક સુંદર ઘર બનાવરાવ્યું. પછી એ ઘર બનાવવાને બહાને દુર્યોધન પાંડવોને ત્યાં લઈ ગયો. પછી યુક્તિથી પાંડવોને અંદર પૂરી દુર્યોધને એ ઘર સળગાવી મૂક્યું. ભીમે તરત પોતાના ભાઇઓને ખાંધે બેસાડી લીધા, ને એક રસ્તે થઇને બહાર નીકળી તે દોડતો ચાલ્યો. દોડવાથી તેના પગ ભરાઈ ગયા, છતાં વચ્ચે અટક્યા વગર તે તેમને ઘણે દૂર લઈ ગયો. પછી તેણે તેમને એક ઝાડ નીચે ઉતાર્યા અને નીરાંતે ઊંઘવા દીધા. પોતે તેમની ચોકી કરવા જાગતો બેસી રહ્યો.

પ્રશ્ન—ભીમે સળગતા ઘરમાંથી પોતાના ભાઇઓને શી રીતે બચાવ્યા?

પ્રશ્ન—ઝાડ નીચે તે જાગતો કેમ બેસી રહ્યો?

પાઠ ૩૧. સલાટના છોકરાની વાત.

ફ્રાન્સના કોઈ ગામડામાં એક ગરીબ સલાટ તેના બે દીકરા સાથે રહેતો હતો. એક વખત તેને સખત નાવ

આવ્યો તેથી તે મરણ પામ્યો. તેના મરણથી તેના બે દીકરા, તેમની મા પાસે પારિસ જવા તૈયાર થયા. તે વખતે તેમની પાસે માત્ર આઠ રૂપિયા હતા. એટલા રૂપિયાથી બન્ને જણનું ગાડી ભાડું પુરૂં થાય તેમ ન હતું. તેથી મોટા ભાઈએ નાના ભાઈને એક ભાડાના ગાડામાં બેસાડ્યો ને પોતે પાછળ ચાલવા લાગ્યો. મોટો છોકરો બાર વરસનો ને નાનો નવ વરસનો હતો. નાના ભાઈને ગાડામાં ટાઢ ન લાગે માટે મોટા ભાઈએ તેને પોતાનો ગરમ કોટ પહેરાવ્યો રસ્તામાં ચાલતાં તે જરા પાછળ પડી જતો કે તરત પાછો દોડીને ગાડા સાથે થઈ જતો. ને ભાઈની સંભાળ લેતો કેટલેક દૂર ગયા પછી તે બિચારો થાકી ગયો. છતાં પણ દોડતો ને હાંફતો તે ગાડા સાથેજ ચાલતો હતો. તેને જોઈને ગાડામાં બેઠેલાં માણસોને દયા આવી. તેમણે ભાડું ભરી તેને ગાડામાં બેસાડી લીધો. પારિસ પહોંચ્યા પછી. પોતાની મા તથા નાના ભાઈના ગુજરાન માટે, તેણે આટલી નાની ઉમરે સલાટનું કામ કરવા માંડ્યું. આ છોકરો તે પ્રસિદ્ધ ફ્રેંચ કવિ માઈકલ જીન.

પ્રશ્ન—મોટો છોકરો તેના ભાઈને પારિસ શી રીતે લઈ ગયો?

પ્રશ્ન—ભાઈને માટે તેણે શું શું દુઃખ વેઠ્યું?

પ્રશ્ન—તેણે સલાટનો ધંધો કેમ કરવા માંડ્યો?

સંપ.

બહુ જન મળીને જે કરે તે એકે ન કરાય;
સાવરણી રે સજ કરે, સળી એક શું થાય !

દલપતરામ.

પાઠ ૩૨. સિંહ અને ચાર બળદ.

એક વગડામાં ચાર મોટા બળદ એકબીજા સાથે હળીમળીને રહેતા હતા. તે હમેશાં સાથે ફરતા, ને ચારો ચરવા પણ સાથે જતા. વગડાનુ લીલું ઘાસ ચરીને તેઓ ખૂબ તાજા થયા હતા. એ વગડામાં એક સિંહ રહેતો હતો. એ સિંહે એક વખત તેમને મારી ખાવાનો વિચાર કીધો. એ સિંહ એકેક બળદને મારી નાખે એટલો જોરાવર હતો. પણ ચારેને સાથે મારવા જેટલી શક્તિ તેનામાં ન હતી. રાત દિવસ તે બળદની પાછળ ફરતો. પણ લાગ મળે નહિ, ને તેની દાઢ ગળી થાય નહિ. પછી એણે વિચાર કર્યો, કે જ્યાં સુધી આ બળદોનો સંપ તૂટશે નહિ, ત્યાં સુધી મારૂં કંઇ વળવાનુ નથી. પછી તેણે પેલા બળદો સાથે દોસ્તી કરી, ને તેમને આડું અવળું સમજાવી લડાવી માર્યા. લડીને તે ચારે જુદા પડયા એટલે સિંહે તે બધાને એક પછી એક મારી ખાધા. જોયું, કુસંપનું કેવું બુરૂં પરિણામ થયું!

પ્રશ્ન—સિંહ પ્રથમ તે બળદોને કેમ મારી શકયો નહિ?

" બળદોનું મોત શાથી થયું?

" બળદોને મારવા તેણે શી યુક્તિ કરી?

પાઠ ૩૩. પંખીઓની સભા.

એક ટીટોડાનું જોડું હતું. તે દરીઆકિનારે રહેતું હતુ. એક વખત પાણીની છોળથી તેમનાં ઈંડાં દરીઆમાં તણાઈ ગયાં. દરીઆ પાસેથી એ ઇંડાં પાછાં લેવાને ટીટોડાએ બધાં પંખીને ભેગાં કર્યા.

સભા ભરાઇ એટલે ગરુડને તેનું પ્રમુખપદ આપ્યું. પ્રમુખ ખુરસી ઉપર બેઠા એટલે પેલા ટીટોડાએ સભા ભરવાનું કારણ કહી સંભળાવ્યું. તે ઉપરથી સભાએ ઠરાવ કર્યો, કે ટીટોડાનાં ઇંડાં દરીઓ પાછાં ન આપે તો પછી આપણે બધાંએ ભેગાં થઇ તેને પુરી નાંખવો! ઉપર પ્રમાણેનો ઠરાવ લખી, તેમાં ગરુડની સહી કરાવી, તે દરીઆ ઉપર મોકલી દીધો. ઠરાવ વાંચી તે ખડખડ હસ્યો. તેણે વિચાર કર્યો, કે આ બધાં પખીઓ મને શું કરવાનાં હતાં! ઠરાવમાં લખેલી મુદત પુરી થઈ, એટલે બધાં પંખી ભેગાં થયાં. તેમણે દરીઓ પુરવા માંડયો. બધાં પંખી ચાંચમાં પાણી લઇ બહાર જઈ ઠાલવી નાખે ને ત્યાંથી કાંકરા લાવી દરીઆમાં નાખે. આમ કરવાથી ધીમે ધીમે તે પુરાવા માંડયો. દરીઓ તેથી ગભરાયો. તે પંખીઓ પાસે આવી હાથ જોડી બોલ્યો, ભાઇઓ, તમે હવે મારા પર મહેરબાની કરો. હું તમારાં ઈંડાં બહાર

કાઢી આપું છું. આમ કહી તેણે ઈંડાં બહાર કાઢી આપ્યાં, એટલે બધાં પંખી વેરાઈ ગયાં.

પ્રશ્ન—ઈંડાં પાછાં લેવા માટે ટીટોડાએ શું કર્યું?
,, ફરીઆએ તેને ઈંડાં કેમ કાઢી આપ્યાં?

પાઠ ૩૪. ચકલાનું જોડું.

એક ઝાડ ઉપર માળો બાંધી એક ચકલાનું જોડું રહેતું હતું. માળામાં ચકલીએ ઈંડાં મૂક્યાં હતાં. એક દહાડો કોઈ હાથી એ ઝાડ નીચે થઇ જતો હતો. તેણે સૂંઢ વડે પેલો માળો પાડી નાખ્યો. તેથી ચકલીનાં બચ્ચાં નીચે પડી મરી ગયાં. એથી ચકલી રડવા લાગી. તે સાંભળી એક લક્કડકોડો ત્યાં આવ્યો. તેણે ચકલીને કહ્યું, બેન! તું કેમ રડે છે? ચકલીએ તેને બધી વાત કરી અને કહ્યું, એ હાથીને મારવાનો કંઈ ઉપાય આપણે ખોળવો જોઈએ. લક્કડકોડો, વીણારવી નામની માખી જે પોતાની મિત્ર હતી, તેને મળ્યો, ને તેની મદદ માગી. માખીએ મદદ કરવાની હા પાડી.

પછી તે બન્નોં મેઘનાદ નામના દેડકા પાસે ગયાં. ને તેને બધી વાત કરી. મેઘનાદે કહ્યું, સાખી બેન! કાલે બપોરે હાથી જ્યારે અહીં થઈ પાણી પીવા જાય, ત્યારે તમે એના કાનમાં મધુર અવાજ કરજો. એ સાંભળવામાં એ તલ્લીન થાય એટલે લક્કડકોડાએ હાથીની બેઉ આંખો ફોડી નાખી તેને આંધળો કરવો. પછી એ તરસથી આકરો થઈ આમતેમ ફાંફાં મારશે, એટલે હું મારા પરિવાર સાથે પેલા ખાડામાં જઈ ડૂ ડૂ એવો અવાજ કરીશ. એ સાંભળી હાથી પાણી પીવા અમારી તરફ આવશે. ને ખાડામાં પડી મરણ પામશે. પછી બીજે દિવસે એ સઘળાંએ તે પ્રમાણે કર્યું તેથી હાથી મરણ પામ્યો. જોયું. સઉથી નાનાં પ્રાણીઓએ હાથી જેવા કદાવર પ્રાણીનો નાશ કીધો.

પ્રશ્ન—હાથીએ ચકલીને શું નુકસાન કીધું?

પ્રશ્ન—ચકલીએ હાથીનો શા રીતે નાશ કીધો?

વફાદારી.

સાચો સેવક પ્રેમથી, કરે ધણીનાં કામ;
દુઃખમાં પણ સાથે રહે, હૈયે રાખી હામ.

પાઠ ૩૫. રાવણ અને જટાયુનું યુદ્ધ.

રામ, લક્ષ્મણ, ને સીતા પંચવટીમાં રહેતાં હતાં. એક વખત રામ અને લક્ષ્મણ શિકારે નીકળી પડ્યા હતા. ઝુંપડીમાં સીતાજી એકલાં બેઠાં હતાં. તે જોઈ લંકાનો રાજા રાવણ તેમને પકડી જવા આવ્યો. સીતાજીને બળાત્કારે રથમાં નાખી તે ચાલતો થયો. તેના રથનો અવાજ સાંભળી જટાયુ ચમકી ઉઠ્યો. એ રામનો સેવક હતો. રથમાં સીતાજીને રડતાં જોઈ. તેણે રાવણને કહ્યું, તું રાજા થઈને આ સ્ત્રીને જોર જુલમથી ઉપાડી જાય છે, એ ઠીક કહેવાય નહિ. જો કે તું ઘણો જોરાવર છે, ને હું ઘરડો છું તોપણ હું તને ઘડી વારમાં મારી નાખીશ.

એ સાંભળી રાવણને ક્રોધ ચઢ્યો. તે બે વચ્ચે યુદ્ધ થયું. રાવણે બળ કરી જટાયુને ઘણાં બાણ માર્યાં, પણ તે બધાં ચુકાવી દઈ જટાયુ રાવણની પીઠપર ચઢી બેઠો. ચાંચ ને પંઝાથી તેણે રાવણનું શરીર ઉઝરડી લોહી લોહાણ કરી નાંખ્યું. તેથી રાવણે તરવાર વતી જટાયુની પાંખો તથા પગ કાપી નાંખ્યા. પછી તે સીતાજીને લઈ ચાલતો થયો. રામ. લક્ષ્મણ સીતાજીને શોધતા શોધતા જટાયુ પડ્યો હતો ત્યાં આવ્યા. તેમને બધી વાત કહ્યા પછી જટાયુ મરણ પામ્યો.

પ્રશ્ન—જટાયુ રાવણ સાથે કેમ લડ્યો ?

પ્રશ્ન—લડાઈમાં જટાયુના કેવા હાલ થયા ?

પાઠ ૩૬. દિવાનની દૃઢતા.

મહાત્મા ગાંધીજીના દાદાનું નામ ઉત્તમચંદ હતું. તે પોરબંદર રાજ્યના દિવાન હતા. એમના વખતમાં રાજ્યની લગામ બાળકુંવરની વતી રાણી માતાના હાથમાં હતી. રાણી સાથે કેટલાક કારણોથી દિવાનને બનતું ન આવ્યું. તેથી તેઓ પોરબંદર છોડી જુનાગઢના નવાબ સાહેબને આશ્રયે ગયા. દરબારમાં જઈ તેમણે નવાબ સાહેબને મુજરો કર્યો. તે વખતે કેટલાક દરબારીઓએ ટીકા કરી, કે નવા દિવાને નવાબ સાહેબને ડાબા હાથે મુજરો કર્યો, એ ઠીક ન કર્યું. આ વાત ઉત્તમચંદના જાણવામાં આવી. તેમણે દૃઢતાથી જવાબ દીધો, કે પોરબંદરના રાજ્ય તરફથી મને મારું [illegible] પડ્યું છે, અને એ રાજ્ય છોડી હું અહીં આવ્યો છું, તથાપિ મારો જમણો હાથ તો હજી પણ મેં એ રાજ્યને માટેજ રાખી મૂક્યો છે! દરબારના સઘળા માણસો, અને ખુદ નવાબ સાહેબ પણ, દિવાનની આવી વફાદારી જોઈ ચકિત થઈ ગયા ને સઘળા તેમનાં વખાણ કરવા લાગ્યા.

પ્રશ્ન—ઉત્તમચંદ જુનાગઢના દરબારમાં કેમ ગયા?

પ્રશ્ન—દરબારીઓએ તેમની શી ટીકા કરી?

પ્રશ્ન—તેમણે શો જવાબ આપ્યો?

નીતી વાચનમાળા- પુસ્તક ૧ લું.

તમારા તરફથી **નીતી વાચનમાળા** નામની નાની ચોપડી મળી. તેમાંથી બાર પદર વાર્તાઓ હું વાચી ગયો. વાર્તાઓ સારી લખાણ છે. ભાષા સાદી, અને છોકરા સમજે એવી છે ઘણી વાર્તાઓ એવી છે, કે છોકરાને વાંચવી તથા સાંભળવી ગમે.

રા. રા. નંદનાથ કેદારનાથ દીક્ષિત, બી. એ.
વિદ્યાધિકારી–વડોદરા રાજ્ય.

તમારૂ **નીતિ વાચનમાળા** પુસ્તક ૧ લું વાંચ્યું. ભાષા સાદી અને સરલ છે, તેમજ વાર્તાઓ બાળકોને રસ પડે તેવી હોઈ પુસ્તક સર્વ રીતે બાળકોને લાયક છે આવા બાળસાહિત્યની ઘણી ખોટ હોવાથી મારી ખાતરી છે, કે આ પુસ્તક ઘણું ઉપયોગી થઈ પડશે.

સ્વ૦ ડૉ. ઠાકોરલાલ રણછોડલાલ પંડયા,
એમ. એ બી. એસ. સી, પી એચ. ડી.

નીતિ વાચનમાળા– પુસ્તક ૨ જું.

રા ડાહ્યાલાલ વ્રજલાલ પંડિતે પ્રસિદ્ધ કરેલું **નીતિવાચનમાળા** પુસ્તક બીજું જોતાં જણાય છે. કે તેમા બાળકોને બોધ આપે એવી સરલ વાર્તાઓનો સંગ્રહ સારો કરવામાં આવ્યો છે. છાપ પણ ચોકખી છે. નીતિ તથા સદ્દગુણની છાપ બાળપણથીજ કુમળા મગજ પર પડવાથી તેની અસર જીવિત પર્યંત ટકી રહે છે, અને તેને લીધે જીવન સન્માર્ગે દોરાય છે આ લાભ લેનાર વ્યકિત પોતાનું તથા સમાજનું પણ કલ્યાણ કર્તા નીવડે છે. તેથી આવાં પુસ્તકના ઉપયોગીપણા વિષે બે મત હોઈ શકેજ નહિ.

રા ડાહ્યાલાલ ભવિષ્યની પ્રજાના હિતને માટે આ પોતાના પ્રયત્ન ચાલુ રાખે છે તેને સારૂં તેમને ધન્યવાદ ઘટે છે.

રા. રા. છગનલાલ હરિલાલ પંડયા. બી. એ.
માજી ચીફ એજ્યુકેશનલ ઓફિસર. **જુનાગઢ** સ્ટેટ,

પુસ્તકમાં નાના બચ્ચાંને ગમે તેવી સહેલી ને બોધક વાતો આપેલી છે. તેમાંથી સાર ખેંચી શકાય ને બચ્ચાની સ્મરણશક્તિ તાજી કરી શકાય તેવી રીતે દરેક પાઠ નીચે એક બે સહેલા સવાલો મુકેલા છે. ઇનામ માટે આ ચોપડી તદ્દન લાયક છે. **સાહિત્ય.**

નીતિવાચનમાળાના બીજા પુસ્તકમા ખરેખર કાગળ તથા સફાઇ બનેમાં સારો સુધારો કર્યો છે. વાર્તાઓ બધી સારી રીતે લખાઇ છે. ભાષા સરલ ને સીધી છે. વાર્તાના વિષયો પણ અનુકુળ અને યોગ્ય છે, બાળકોને વાંચવાના પુસ્તકોમા આ બીજું પુસ્તક એક સારા પુસ્તકનો ઉમેરો કરે છે, અને દરેક નિશાળ અને દરેક ઘર એકેક નકલ તો રાખશેજ એમ મને ભરોસો છે.

રા. રા. હિંમતલાલ ગણેશજી અંજારિયા
એમ. એ એલ. એલ. બી.
મ્યુ. શુ. શાળાઓના સુપરિન્ટેન્ડન્ટ–મુંબઇ.

નીતિવાચનમાળા પુસ્તક ૩ જું.

નીતિવાચનમાળાનુ ત્રીજુ પુસ્તક છપાવા પામ્યુ તે જાણી રાજી થયો છુ. એવાં નાનાં બોધદાયક પુસ્તકોની બાળકો માટે ઘણી જરૂર છે. વાર્તાદ્વારા ઉપદેશ મન પર દઢ સસ્કાર પાડે છે. તમારી પુસ્તકમાળાને વાંચકવર્ગ તરફથી આવકાર મળે છે તે જાણી આનંદ પામુ છું. **સ્વ. રા. બા. કમળાશકર પ્રાણશંકર ત્રિવેદી.** બી એ. માજી પ્રિન્સિપલ પી. આર. ટ્રેનિંગ કોલેજ અમદાવાદ.

નીતિવાચનમાળા–પુસ્તક ૪ થું.

પુસ્તકમાં બોધદાયક અને મનોરંજક વાર્તાઓનો સારો સગ્રહ છે. દરેક પાઠને અંતે પ્રશ્નો મુકયા છે તે પદ્ધતિ બાળકોને ઉપયોગી થાય એવી છે. તેમજ પાઠને લગતા ઉપદેશને અનુકુળ કાવ્યો પુસ્તકોમાં ઉતાર્યાં છે તે પણ વાંચવા લાયક છે...,

રા. બા. રમણભાઈ મહિપતરામ નીલકંઠ.
——— બી. એ. એલ એલ. બ